જાત અટકી તોય ના અટકી પીડાની જાતરા.. જો અમે પથ્થર થયા તો ટાંકણા સામા મળ્યા..
- રમેશ પારેખ

આપણું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૧૫ | ૫ જુલાઇ, ૨૦૧૪, શનિવાર; અષાઢ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● અદાલતો ૩૬૫ દિવસ ખુલ્લી રહેવી જોઈએ**

દેશના મુખ્ય ન્યાયાધિશ જસ્ટીશ લોઢાએ અદાલતો વર્ષના ૩૬૫ દિવસ ખુલ્લી રહેવી જોઈએ તે જરૂરી જણાવ્યું હતું. અદાલતો પર વધી ગયેલા કેસોનું ભારણ ઘટાડવા આ એક માત્ર ઉત્તમ ઉકેલ હોવાનું જણાવતા તેમણે આ કામ આજે નહિ તો કાલે પણ કરવુ જ પડશે તેવું ભારપુર્વક જણાવ્યું હતું.

**● હવે રાષ્ટ્રીય મહિલા પંચને પણ ધરપકડનો અધિકાર મળશે**

કેન્દ્ર સરકાર દ્વારા ઘરેલુ હિંસા, પોલીસની લાપરવાહી અને કામકાજના સ્થળોએ મહિલાઓ સાથે યૌન શોષણના કેસોમાં રાષ્ટ્રીય મહિલા પંચને ધરપકડ કરવા, તલાશી લેવા અને જપ્તીના અધિકાર આપવા વિચારાઈ રહ્યું છે. કેન્દ્ર સરકાર આ અધિકાર જમ્મુ-કાશ્મીર સહિત દરેક રાજ્યોમાં લાગુ પાડવા વિચારી રહી છે.

**● ડુંગળી-બટાટામાં સ્ટોક લિમિટ**

સરકાર દ્વારા અગાઉ મીનીમમ એક્ષપોર્ટ પ્રાઈઝની (એમઈપી)ની જાહેરાત કરાઈ હતી. છતાં ડુંગળી બટાટાના ભાવો સતત નિરંકુશ રહેતા હવે સરકાર ટુંક સમયમાં સ્ટોક લિમિટની જાહેરાત કરશે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. અગાઉ સરકારે એમઈપીમાં ૫૦૦ ડોલરનો ભાવ નક્કી કર્યો હતો. છતાં ડુંગળીમાં સતત ભાવ વધારો ચાલુ રહેવા પામ્યો છે. ડુંગળી-બટાટાના ભાવો કાબુમાં લેવા સરકારે સ્ટોક લિમિટ જાહેર કરવી પડશે તેવુ બજારના વર્તુળો જણાવી રહ્યા છે.

**● અમદાવાદ મહિલા વિરોધી ગુનાઓમાં ચોથા નંબરે**

ગુજરાત રાજ્યના ઝળહળતા વિકાસની કાળી બાજુ પણ હવે દેખાવા લાગી છે. રાજ્યનું આર્થિક પાટનગર અમદાવાદ હવે મહિલાઓ માટેનું સુરક્ષિત શહેર રહ્યું નથી. બળાત્કારના ગુન્હામાં અમદાવાદ દેશભરમાં ૮મા સ્થાને છે. જ્યારે ગુજરાત દેશમાં ૧૩મા સ્થાને છે. રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરોના છેલ્લા રિપોર્ટ મુજબ દેશના ૫૩ શહેરોમાંથી પ્રથમ દિલ્હી, દ્વિતિય મુંબઈ, તૃતીય બેંગલુરુ બાદ અમદાવાદ મહિલા વિરોધી ગુનામાં ચોથુ સ્થાન ધરાવે છે.

# જિલ્લા પ્રાથમિક શિક્ષણમાં 'દિવા તળે અંધારૂ'

## જિલ્લામાં ૧૯૫ વર્ગખંડોની ઘટ અને ૨૨૩ વર્ગખંડમાં એક કરતાં વધુ ધોરણના વિદ્યાર્થીઓ બેસી અભ્યાસ કરે છે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા માટે તંત્ર કમર કસી રહ્યાની વાતો કરે છે પણ સુવિધાઓનો અભાવ પણ તેમને નડી રહ્યો છે. શિક્ષણના સાર્વત્રિકરણની વાતો કરતી સરકારના દાવા કેટલા પોકળ છે તેનો પર્દાફાશ આજે રાજ્ય વિધાનસભામાં શિક્ષણ વિભાગના પ્રશ્નોમાં થયો છે.

આખા રાજ્યનું આયોજન જ્યાંથી ઘડાય છે તેવા ગાંધીનગર જિલ્લામાં જ ઓરડાઓની ઘટ અને એક જ વર્ગખંડમાં એક કરતાં વધુ ધોરણના વિદ્યાર્થીઓને બેસાડી અભ્યાસ કરાવાતો હોવાનો એકરાર સરકારે કર્યો છે. દિવા તળે જ અંધારૂ કેટલુ ઘેરૂ છે તેનો સીધો અહેસાસ સરકારના આ એકરારથી થાય છે.

ગુણોત્સવ ગુણવત્તાસભર શિક્ષણ અને નામાંકન માટે પ્રવેશોત્સવની ઉજવણીમાં સરકાર વ્યસ્ત રહે છે એટલુ જ નહિ પણ તેની મોટી મોટી વાતો થાય છે પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ હોય છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ ગાંધીનગર જિલ્લામાં ૫૦ ટકાથી પણ વધુ શાળાઓમાં શૌચાલયો સમસ્યાસભર હોવાનું કહ્યું છે તો સરકાર કહે છે કે તમામ શાળાઓ શૌચાલયોની સુવિધાઓ ધરાવે છે તેવા વિરોધાભાસો ભર્યા જવાબો આજે વિધાનસભાગૃહમાં રજુ થયા હતા.

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ અંગે કોંગીના ધારાસભ્ય તેજશ્રીબેન પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૧૯૫ વર્ગખંડોની ઘટ છે.

જેમાં દહેગામ તાલુકામાં ૬૮, ગાંધીનગરમાં ૬૪, કલોલમાં ૩૬ અને માણસામાં ૨૭ વર્ગખંડોની ઘટ છે. આર.ટી.આઈ. (રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ) અન્વયે આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી આ ઘટ પુરી કરવામાં આવશે.

તો કોંગીના ધારાસભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખે ૩૧-૫-૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કેટલી પ્રા. શાળામાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને વર્ગખંડમાં બેસાડવામાં આવે છે તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૨૩ પ્રા. શાળાઓ જિલ્લામાં એવી છે જ્યાં એક વર્ગમાં એક કરતાં વધુ ધોરણના વિદ્યાર્થીઓ બેસાડવામાં આવે છે.

જેમાં દહેગામની ૧૧૭ પ્રા. શાળા, ગાંધીનગરની ૪૮ પ્રા. શાળા, કલોલની ૨૪ પ્રા. શાળા અને માણસાની ૩૪ પ્રા. શાળાનો સમાવેશ થાય છે.

વર્ગખંડોની ઘટ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે તેવી હૈયાધારણ શિક્ષણમંત્રીશ્રીએ આપી છે.

આજ ધારાસભ્યશ્રીએ પુછેલા એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લાની તમામ શાળાઓમાં શૌચાલયની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

# ૨૮ શિક્ષકોની આંતરિક બદલીના હુકમો ઓનલાઈન જારી કરાયા

## જિલ્લામાંથી ૯૨ શિક્ષકોએ અરજી કરી હતી : ૪ જિલ્લામાં ૨૩૦૦ થી વધુ શિક્ષકોએ અરજી કરી હતી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં આંતરિક બદલી માટે ઓનલાઈન સોફ્ટવેર કાર્યરત કરાયા બાદ પ્રથમ રાઉન્ડમાં ૨૮ જેટલા શિક્ષકોને તેમના ફોટા સાથેના બદલીના હુકમો ઓનલાઈન કરી દેવામાં આવ્યા છે.

રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષકોની બદલીમાં પારદર્શિતા લાવવા માટે ઓનલાઈન બદલીનુ સોફ્ટવેર ડેવલપ કરાવ્યુ છે. પ્રારંભમાં ચાર જિલ્લાઓમાં આંતરિક બદલી માટે તેને કાર્યરત કરાયુ છે. જેમાં ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા અને પોરબંદર જિલ્લાનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે આ ચાર જિલ્લામાં ૨૩૦૦ કરતાં પણ વધુ શિક્ષકોએ બદલી માટે અરજી કરી હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના ૯૨ શિક્ષકોનો સમાવેશ થાય છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણતંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે પ્રથમ રાઉન્ડમાં ૨૮ જેટલા શિક્ષકોની બદલીના હુકમો જારી થઈ ચુક્યા છે. જેઓની સિનીયોરીટીને ધ્યાને રાખી તેમની માંગણી મુજબની જગ્યા પર બદલી માંગવામાં આવી હતી.

# કચ્છ ખાતે અર્ધ અછતની સ્થિતિની આજે સમીક્ષા


ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કચ્છા જિલ્લાની અર્ધઅછતની પરિસ્થિતિની સમીક્ષા માટે શનિવાર તા. ૫ જુલાઈ ૨૦૧૪ની એક દિવસીય મુલાકાતે જશે.

મુખ્યમંત્રી કચ્છના અર્ધઅછતગ્રસ્ત ૨૦૩ ગામોની ઘાસચારા, પીવાનું પાણી, પૂરવઠો વગેરે બાબતોની તલસ્પર્શી સમીક્ષા બેઠકો યોજશે અને વહીવટીતંત્રને માર્ગદર્શન પુરૂં પાડશે. આનંદીબેન પટેલ કચ્છમાં માંડવી તાલુકાના ગંગાપર ખાતે એનિમલ હોસ્ટેલની ખાતમુર્હુત વિધી તથા ૩ વીજ સબસ્ટેશનોના લોકાર્પણ આ મુલાકાત દરમ્યાન કરવાના છે.



વરસે વાદળી - ગગનમાં વાદળો ઘેરાયા છે... પાણી ભરેલા વાદળો હજુ રાહ જોવડાવે છે વરસવાની... વાદળો વરસતા નથી ને માણસ કૃત્રિમ રીતે કુદરતી માહોલમાં સ્નાન કરવા ઝંખે છે... તેનો અલૌકિક અવસર રચાયો છે... આકાશમાં વાદળો છે પણ વરસતા નથી અને હરિયાળીમાં છંટકાવ માટેનું પાણી વરસાદની ગરજ સારે એ રીતે સ્નાન કરવાનું સ્વપ્ન સાકાર કરે છે... (તસવીર : આલોક બ્રહ્મભટ્ટ)



(તસવીર : દિપક જાની)

ઘુઘરીયાલો બાવો - હજુ પણ ક્યાંક ક્યાંક આ દશ્ય જોવા મળે છે... અગાઉના વર્ષોમાં બાળકોને બિવડાવતા 'એ ઘુઘરીયાળો બાવો આવ્યો...' અને બાવાનો પણ રૂઆબ હતો... આવો રૂઆબદાર બાવો ગાંધીનગરના માર્ગ કેમેરામાં ઝીલાયો હતો. સામાન્ય રીતે સૌરાષ્ટ્રના જુનાગઢ પંથકમાં પરંપરાગત રીતે ઘેર-ઘેરથી લોટ માંગી ગુજરાન ચલાવતા અને હરિભજન કરતા બાવાઓ હવે માત્ર ગિરનાર તળેટીમાં જ જોવા મળે છે...

# પીંપળજ ચોકડી પાસે મોડી સાંજે માર્ગ અકસ્માતમાં બાપ-દીકરીનું કરૂણ મૃત્યુ

## મૃત્યુની ઘડી પૂર્વે દીકરીનો ફોટો પડાવી પિતા પાંચ વર્ષની ફુલસમી દીકરીને લઈ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહને ટક્કર મારી : વાહનચાલક નિર્દય રીતે ફરાર : હીટ એન્ડ રનનો ગુનો દાખલ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક પીપળજ ચોકડી પાસે ગઈ કાલે મોડી સાંજે અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા બાપ-દીકરીનું કરુણ મોત નીપજયું છે. રીક્ષામાંથી ઉતરી પીપળજ ગામ તરફ જતા બાપ-દીકરીને અજાણ્યા વાહનચાલકે અડફેટે લેતા પાંચ વર્ષીય ફૂલસમી બાળકીનું ઘટનાસ્થળે કરુણ મોત નીપજયું હતું. જયારે ગંભીર રીતે ઘવાયેલા તેણીના પિતાનું પણ સારવાર દરમિયાન મોત થતા પીપળજ ગામમાં આઘાતની લાગણી સાથે સન્નાટો છવાઈ ગયો છે. અકસ્માત સર્જીને નિર્દય રીતે ફરાર થઈ ગયેલા અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ પોલીસે હીટ એન્ડ રનનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર નજીકના પીપળજ ગામમાં રહેતા સંજયસિંહ રાણા ગઈ કાલે તેમની પાંચ વર્ષીય દીકરી આરતીને લઈને પેથાપુર સ્થિત સ્ટુડીઓમાં ફોટો પડાવવા ગયા હતા. આરતીને સ્કોલરશીપ માટે ફોર્મ જમા કરાવવાનું હોવાથી તેના ફોટા પણ શાળામાં જમા કરાવવાના હતા. જેથી સંજયસિંહ તેમની ફૂલસમી પુત્રીને સાથે લઈ પેથાપુરના સ્ટુડીઓમાં પહોંચ્યા હતા. જયાં ફોટો પડાવીને તેઓ રીક્ષા મારફતે પોતાના ઘર તરફ પીપળજ જવા રવાના થયા હતા. આ દરમિયાન પીપળજ ચોકડી પાસે પહોંચતા જ સંજયસિંહ તેમની પુત્રી આરતી સાથે રીક્ષામાંથી ઉતરીને ગામ તરફ જઈ રહ્યા હતા ત્યારે માર્ગ પરથી પુરપાટ દોડતા અજાણ્યા વાહને બંનેને બેરહેમીપૂર્વક ટક્કર મારી દીધી હતી. જેના પરિણામે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં બાપ-દીકરીને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આવા સંજોગોમાં કુમળી વયની આરતીનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નીપજયું હતું. જયારે તેણીના પિતા સંજયસિંહને ગંભીર હાલતમાં સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા સંજયસિંહનું પણ આખરે સારવાર દરમિયાન મોત નીપજયું હતું. તો બીજી તરફ અકસ્માત સર્જનાર વાહનચાલક ઈજાગ્રસ્તોની ભાળ મેળવ્યા વગર નિર્દય રીતે ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. રાત્રીના અંધારામાં અન્ય કોઈ રાહદારી પણ કયું વાહન હતું તે જોઈ શકયા ન હતા. અજાણ્યા વાહનચાલક સામે હીટ એન્ડ રન નો ગુનો દાખલ કરીને પેથાપુર પી. એસ. આઈ એસ. જે. વાઘેલાએ આરોપી સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

# કોંગ્રેસી ધારાસભ્યો સતત ત્રીજા દિવસે પણ સસ્પેન્ડ

## આદિવાસી મહિલા પરના દુષ્કર્મના મુદ્દે પ્રશ્ન રદ કરાતા મામલો બીચક્યો : સભ્યોને સાર્જન્ટોએ બહાર કાઢ્યા

ગાંધીનગર, તા.૪

વિધાનસભામાં આજે પ્રશ્નોત્તરી દરમિયાન આદીવાસી મહિલા પર દુષ્કર્મ અંગે કોંગ્રેસના એક ધારાસભ્યએ પુછેલા પ્રશ્નનું મંત્રીની વિનંતીથી રદ કરાતા તેના વિરોધમાં કોંગ્રેસના ધારાસભ્યોએ વેલમાં આવીને ધરણા અને સુત્રોચ્ચાર કરાતા અધ્યક્ષ વજુભાઈ વાળાએ આજે ફરીથી કોંગ્રેસના તમામ ધારાસભ્યો ગૃહની આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા હતા.

વિધાનસભા ગૃહની આજે સવારની બેઠકમાં મળી હતી. જેમાં પ્રશ્નોત્તરી સમયે કોંગ્રેસના ધારાસભ્યને આદીવાસી મહીલા અંગે પુછેલા પ્રશ્ન મંત્રીની વિંનતીથી રદ કરવામાં આવતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ઉભા થઈને આ મુદ્દો ઉપસ્થિત કરતા અધ્યક્ષ વજુભાઈ વાળાએ તેમને પ્રશ્નોત્તરીકાળ પુરો થયા પછી મુદ્દો ઉપસ્થિત કરવાનું કહ્યું હતું ત્યારે કોંગ્રેસના સભ્યોએ ઉભા થઈને હોબાળો કર્યો હતો. અને ન્યાય આપો ન્યાય આપોના સુત્રોચ્ચાર શરૂ કર્યો હતો. આ તબક્કે કોંગ્રેસના મહિલા ધારાસભ્ય ચંદ્રીકાબેન બારીયા અને ડો. તેજશ્રીબેન પટેલ ગૃહના વેલમાં આવીને પર બેસી ગયા હતા અધ્યક્ષે તેમને બેઠક પર પાછા જવા કરેલી વિનંતી કાને નહીં ધરતા ધરણા ચાલુ રાખ્યા હતા. એટલું જ નહીં પરંતુ ગૃહમાં સર્જાયેલી ભારે અરાજકતા વચ્ચે કોંગ્રેસના ધારાસભ્યો અનીલ

● અનુસંધાન પાન-૭ પર







